સીએનજીમાં પ્રતિકિલો ૩.૨૫નો ઘટાડો

આજથી ભાવ ઘટાડો અમલી કરાશે : સીએનજી વપરાશકારોને મોટી રાહત

અમદાવાદ,તા. ૩૧

ગુજરાત ગેસ કંપની લિમિટેડે પહેલી ફેબ્રુઆરીતી અમલી બને તે રીતે સીએનજી કિંમતમાં પ્રતિકિલો ૩.૨૫ રૂપિયા સુધીનો ઘટાડો કરી દીધો છે. આ ઘટાડો મધરાતથી અમલી બનતા લોકોને આંશિક રાહત થશે. સૂરત, અંકલેશ્વર અને ભરૂચમાં બે લાખથી વધુ સીએનજી વપરાશકારો છેલ્લા એક, દોઢ મહિનાથી ઘટાડા માટેની રાહ જોઈ રહ્યા હતા. રાજ્યસરકારની ગૌણ કંપની જીએસપીસી ગેસ કંપની અને ખાનગી માલિકીની અદાણી ગેસ દ્વારા સીએનજીની કિંમતમાં ૧૯મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો. સીએનજીની કિંમતમાં પ્રતિકિલો ૬૬.૩૦થી ઘટાડીને ૫૬.૨૦ રૂપિયા કરવામાં આવ્યો હતો જો કે સીએનજીની નવી કિંમતો પહેલી ફેબ્રુઆરીથી અમલી બનશે. પ્રવર્તમાન ૬૩ રૂપિયાના બદલે હવે આ કિંમત ૫૯.૭૫ રૂપિયા કરી દેવામાં આવી છે. કંપનીએ કહ્યુ છે કે કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગેસ પૂરવઠામાં ઘટાડો થયો હોવા છતાં આ ઘટાડો કરાયો છે.

કંપનીએ વધુમાં કહ્યુ છે કે સીએનજી કિંમતમાં ઘટાડવાનો નિર્ણય થતા સીએનજી વપરાશકારોને રાહત થઈ છે. લોકોની વધુ બચત થઈ શકશે.

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

જે સંસારની ગરજ કરતો નથી, તેની ગરજ સંસાર કરે છે, પરંતુ જે સંસારની ગરજ કરે છે, તેને સંસાર ચૂસીને ફેંકી દે છે
- ધર્મસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૦ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪, શનિવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મનપાનું હળવુંફુલ બજેટ

રૂ. ૧૭ કરોડની પુરાંત દર્શાવતુ વેરાભારણ રહિત બજેટ રજુ કરતા મ્યુનિ. કમિ. સ્વરૂપ : વેરા વસુલાત સઘન બનાવી વિકાસલક્ષી કામોને સાકાર કરવા માટેનો અભિગમ તંત્ર હવે અપનાવશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાનું રૂ. ૬૦.૫૭ કરોડનું ડ્રાફ્ટ બજેટ આજે ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનર અને કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કર્યુ છે. જે હવે તેમાં સુધારા-વધારા સાથે સામાન્યસભા સમક્ષ રજુ કરવામાં આવશે. જો કે કમિશનરશ્રીએ કોઈપણ પ્રકારના નવા કરવેરા લાદ્યા વિના વસુલાત સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

મહાનગરપાલિકાના આ તૃતિય ડ્રાફ્ટ બજેટમાં કમિશ્નરશ્રીએ રૂ. ૧૭ કરોડની પુરાંત દર્શાવી છે એટલુ જ નહિ પણ ૨૦૧૩-૧૪ના મંજુર બજેટ કરતાં ૬૫ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૧૩-૧૪ના મંજુર બજેટ કરતાં ૬૫ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૧૩-૧૪ના રૂ. ૩૬.૬૬ કરોડ સામે આ વર્ષનું બજેટ રૂ. ૬૦ કરોડનું સૂચિત કરવામાં આવ્યું છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ તેમના આવકવૃદ્ધિના સ્ત્રોતોને વધુ સુદ્દઢ બનાવવા પર ભાર મુક્યો છે. તેમણે મિલ્કતવેરાની વસુલાત જે ચાલુ વર્ષે ૧૨ કરોડ જેટલી થવા જાય છે તેમાં વધારો કરીને રૂ. ૧૫ કરોડની આવક અંદાજવામાં આવી છે. આ ઉપરાંત વ્યવસાયવેરાની આવકમાં પણ રૂ. એક કરોડનો વધારો સૂચવ્યો છે તો નોનટેક્ષની આવક પણ ૯ ટકા જેટલો વધારો થવાની આશા વ્યક્ત કરી છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ તેમના બજેટમાં મહેસુલી ગ્રાન્ટ રૂ. ૨૩.૩૨ કરોડ મળવાની આશા રાખી છે. તેમણે તેમના રેવન્યુ ખર્ચમાં રૂ. ૩૧.૫૦ કરોડની દરખાસ્તો કરી છે. જે ચાલુ નાણાંકીય વર્ષના કરતાં ૭૩ ટકાનો વધારો દર્શાવે છે.

ડૉ. સ્વરૂપે તેમના આ ડ્રાફ્ટ બજેટમાં કોર્પોરેશનની વર્તમાન સેવાઓને અસરકારક બનાવવા માટે તકનીકી કર્મચારીઓ ઉપરાંત રાજ્ય સરકારે મંજૂર કરેલ કર્મચારીઓના મહેકમ પર ભરતીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થવાનો સંકેત આપી પગાર ખર્ચમાં રૂ. ૬ કરોડનો વધારો સૂચવ્યો છે.

૨૦૧૧-૧૨માં પગાર ખર્ચ કોર્પોરેશનનો રૂ. ૫.૭૭ કરોડનો હતો જે ૨૦૧૨-૧૩માં વધીને રૂ. ૭.૧૩ કરોડ થયો હતો. જ્યારે ૧૩-૧૪માં તે વધીને રૂ. ૧૨ કરોડને આંબી જશે તેવા અંદાજો સાથે આગામી વર્ષે તે રૂ. ૧૪ કરોડ સુધી પહોંચશે તેમ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

પ્રાકૃતિક સૌંદર્ય - પ્રાકૃતિક સૌંદર્યનું આ દશ્ય આંખને કેવી ઠંડક આપે છે... પ્રકૃતિનો વૈભવ હૃદયસ્પર્શી હોય છે... પાણીના નાનકડા તળાવમાં બગલાની સહેલગાહ મસ્તીની પરાકાષ્ઠા વ્યક્ત કરે છે. નાના-નાના છોડ અને એમાંથી ઉગતા ફૂલનું સૌંદર્ય બગલાની આસપાસના વાતાવરણને વધુ ભવ્ય અને દિવ્ય બનાવે છે.

NEWS બિટ્સ

● મુંબઈના પોલીસ કમિશનર ચૂંટણી લડશે

મુંબઈના પોલીસ કમિશનર સત્યપાલસિંહે પોતાના પદેથી

રાજીનામુ આપી દીધુ છે. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સત્યપાલસિંહે તેનો લાભ લઈ રાજકારણમાં જવાનો માર્ગ અખત્યાર કરી લીધો છે. સત્યપાલસિંહ બીજેપીમાંથી ચૂંટણી લડે તેવી શક્યતાઓ છે.

● ચીનમાં નવા વર્ષની ધામધૂમથી ઉજવણી

આખી દુનિયાએ ૩૧મી

ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણી માટે ભવ્ય આતશબાજી કરી હતી તેના એક માસ બાદ ચીનમાં નવા વર્ષની ઉજવણી થઈ હતી. ચીનના નવા વર્ષની ઉજવણીમાં ખુબ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. પાટનગર સહિત જુદા જુદા શહેરોમાં થયેલી ભવ્ય આતશબાજીને નીહાળવા પ્રવાસીઓ સહિત સ્થાનીક વસાહતીઓ મોટી સંખ્યામાં જમા થયા હતા.

● સુમાકર કોમામાંથી બહાર

એફવનના ચાહકો માટે રાહતરૂપ સમાચારમાં જાણવા મળ્યું છે કે ગયા મહિને એક દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા સાત વખતના વિશ્વ ચેમ્પિયન માઈકલ શુમાકરના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે અને તે કોમામાંથી બહાર આવી ગયો છે. ફ્રેન્ચ મીડિયાના અહેવાલોમાંથી આ વિગતો પ્રાપ્ત થઈ છે.

● સચિનને મંગળવારે રાષ્ટ્રપતિના હસ્તે 'ભારતરત્ન' અર્પણ કરાશે

ચોથી ફેબ્રુઆરીએ મંગળવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે

યોજાનાર સમારંભમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે ક્રિકેટના મહારથી સચિન તેંડુલકર અને પીઢ વિજ્ઞાની પ્રો. સીએન.આર રાવને દેશના સર્વોચ્ચ મુલ્કી ખિતાબ 'ભારત રત્ન'થી નવાજવામાં આવશે. આ પ્રસંગે વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી ઉપસ્થિત રહેશે.

મનપાએ ૨૫ હજાર ચો.મી જગ્યા માગી

સરકારે ફાળવણી નહિ વપરાશ માટેની મંજૂરી માંગો તેવો અભિગમ અપનાવતાં તંત્ર ઉત્સાહમાં

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરના વિકાસને વેગીલો બનાવવા માટે રાજ્ય સરકાર સમક્ષ ૨૫ હજાર ચો.મી. કરતાં પણ વધુ જમીન ફાળવણી અંગે રજુઆતો કરી છે.

શહેરમાં રખડતા પશુધનની સમસ્યાને નાથવા સે. ૩૦ જી.આઈ.ડી.સી. નજીક ૫ હજાર ચો.મી. જગ્યા ફાળવવા, સે. ૩-એ-ન્યુ ખાતે ઈ.લાયબ્રેરી અને કોમ્યુનીટી હોલ માટે ૩ હજાર ચો.મી., સે. ૨૪ અને સે. ૬માં શાકમાર્કેટ તથા પાર્કિંગ માટે ચાર હજાર ચો.મી., સે. ૨ અને સે. ૨૩માં ડે. કેર સેન્ટર તથા ફિઝીયોથેરાપી સેન્ટર માટે ૩ હજાર ચો.મી., સે. ૨૧માં ફુટ માર્કેટ વિકસાવવા તેમજ સાથે સાથે મલ્ટી લેવલ પાર્કિંગ માટે ૫ હજાર ચો.મી., ૮ જેટલા જાહેર અને વાણિજ્ય વિસ્તારો માટે ૩ હજાર ચો.મી જગ્યા શૌચાલયો માટેની માંગણી કરી છે.

મહાનગરપાલિકાએ સ્વસ્થ શહેર અને સ્વચ્છ શહેરની કલ્પનાને સાકાર કરવા માટે ચ-૦ નજીક ઓક્સીજન પાર્ક બનાવવા જરૂરી જગ્યા ફાળવવા પણ રજુઆત કરી છે.

જો કે મહાનગરપાલિકાએ જમીન ફાળવવાની કરેલી માંગણીઓને લઈ હરકતમાં આવેલી સરકારે જમીન ફાળવણી નહિ પણ જમીન વપરાશ માટેની મંજૂરી માંગવામાં આવે તો સરકાર સકારાત્મક રીતે વિચારશે તેવી હૈયાધારણ આપી છે.

સરકારની આ હૈયાધારણને લઈ કોર્પોરેશન સત્તાવાળાઓએ આ માટે રજુઆતોનો સિલસિલો ચાલુ રાખ્યો છે. નવા અભિગમ સાથે જમીન ઉપલબ્ધ થશે તેમ સત્તાવાળાઓ માની રહ્યા છે.

મળતી વિગતો મુજબ વે બ્રીજ મશીનરી અને સ્ટ્રક્ચર ઈન્સ્ટોલેશન માટે સે. ૩૦ અને જ-૭ સર્કલ નજીક જમીન ફાળવવા સરકાર સક્રિય રીતે વિચારી રહી છે.

કોર્પોરેશને સ્વસ્થ શહેર માટે થઈ શહેરના ચાર બગીચાઓના નવીનીકરણની વાત કરી છે. સે. ૨૪, સે. ૨૭, સે. ૭-ડી તથા સે. ૧ના તળાવ નજીકના બગીચાઓના નવીનીકરણ માટે વાત કરી છે. આ ઉપરાંત બેફિઝીયોથેરેપી સેન્ટર માટે ઈનોવેશન પ્રોજેક્ટ અંતર્ગત દરખાસ્ત કરી સરકારને પીગળાવવાનો પ્રયાસ કર્યો છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે પાંચ સ્થળોએ ટ્રાન્સફર સ્પોર્ટ ડેવલપ કરવા માટે પણ ૨૫૦૦ ચો.મી. જેટલી જગ્યાની માંગણી કરી છે તે ઉલ્લેખનીય છે.

પ્રથમ પુણ્યતિથિએ

ભાવભીની અંજલિ

સ્વ. સુભાષચંદ્ર એચ. ત્રિવેદી

સ્વર્ગવાસ તા. ૧-૨-૨૦૧૩

આપ વસો છો આજુબાજુમાં ક્યાંક,
એવો અહેસાસ હજુ લાગે છે.
આપ દેહથી ભલે દૂર થયા,
પણ આત્માથી હંમેશા સમીપ લાગો છો.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
હિંમતલાલ ત્રિવેદી
સવિતાબેન ત્રિવેદી
હરીશ ત્રિવેદી — જ્યોત્સનાબેન ત્રિવેદી
મીના ત્રિવેદી — નિકુંજ ત્રિવેદી
અમી ત્રિવેદી — કામિની ત્રિવેદી
કથન ત્રિવેદી — પ્રિશા ત્રિવેદી
હેતલ-પ્રતિક

કોબા ખાતે ભાજપ પ્રદેશ કાર્યાલયનું ૧૦મીએ ઉદઘાટન

ભાજપ આગામી ૧૧થી ૨૦મી ફેબ્રુઆરી દરમ્યાન વન નોટ-કમલ પર વોટનું જનસંપર્કનું અભિયાન શરૂ કરશે

અમદાવાદ, તા. ૩૧

ભાજપના પ્રદેશ પ્રવકતા

આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશની પ્રદેશ કારોબારી મળી હતી. જેમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, પાર્ટીના ગુજરાત પ્રદેશના પ્રભારી ઓમજી માથુર રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષ, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય કિસાન મોરચાના પ્રભારી પરશોત્તમ રૂપાલા માર્ગદર્શન માટે ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના આગામી કાર્યક્રમો અંગે વિગતો આપતા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ જણાવ્યું હતું કે આગામી દસમી ફેબ્રુઆરીએ કોબા સર્કલ, ગાંધીનગર ખાતે ભાજપના નવા પ્રદેશ કાર્યાલયના શુભારંભ અને કાર્યકર્તા સંમેલનના કાર્યક્રમ યોજાશે. આગામી ૧૧મી થી ૨૦ ફેબ્રુઆરી દરમ્યાન ભાજપના કાર્યકરો બુથ લેવલે ઘરે ઘરે સંપર્ક કરીને ધનસંગ્રહનો વન નોટ કમલ પર વોટનું સઘન જનસંપર્ક અભિયાન છેડશે. આગામી ૨૧મીથી ૨૮મી ફેબ્રુઆરી દરમ્યાન પ્રત્યેક ઘર ઉપર ભાજપાની ધ્વજ પતાકા ફરકાવવાનો નવીન કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આગામી ૨૦મી ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે યુવા મહારેલીનું આયોજન કરવામાં આવશે, જેમાં મુખ્યમંત્રી સામેલ થશે. નવ મતદાર નોંધણી ઝુંબેશ આજથી જ શરૂ કરીને આગામી લોકસભાની ચૂંટણી સુધી સઘન રીતે ચાલુ રાખીને યુવા મતદારોને લોકશાહીની પ્રક્રિયામાં જોડવા તેમણે અનુરોધ કર્યો હતો. આગામી ધનસંગ્રહનો કાર્યક્રમ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથી ૧૧મી ફેબ્રુઆરીના સમર્પણ દિનથી શરૂ થશે તેમ જણાવી પ્રદેશ પ્રવક્તા

● અનુસંધાન પાન-૭ પર

ઉદ્યોગ સચિવપદનો હવાલો ડી. જે. પાંડીયનને

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના પાંચ ઉચ્ચ સનદી અધિકારીઓ આજે વયનિવૃત્ત થતાં તેમની ખાલી પડેલી જગ્યાઓ ચાર્જ અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવ્યા છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા મહેશ્વર શાહુ આજે વયનિવૃત્ત થતાં તેમની ખાલી પડેલી આ જગ્યાનો વધારાનો હવાલો ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક

● અનુસંધાન પાન-૭ પર

પવિત્ર કૈલાસ માનસરોવર
મહાકુંભ યાત્રા ૨૦૧૪
૧ યાત્રા કરી ૧૩ યાત્રાનું પુણ્ય પ્રાપ્ત કરો..
જીવનમાં જવલ્લેજ આવતો અવસર
કઠીન યાત્રાને સુખદ, સરળ અને સંભારણા રૂપ બનાવતા ૧૭ વર્ષના અનુભવી આયોજક
નિલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ-અમદાવાદ
9925125853,9898114646
www.kailash-yatra.com

WORLD BIG Cinemas
NOW SHOWING

R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
One By Two (U/A) - 10.15 am, 1.15, 4.15, 7.15 & 10.15 pm
Jai Ho (U/A) (Fri-Sun) - 10.30 am, 12 noon, 1.30, 3.00, 4.30, 6.00, 7.30, 9.00 & 10.30 pm
Jai Ho (U/A) (Mon-Thurs) - 10.30 am, 1.30, 4.30, 7.30 & 10.30 pm
*schedule subject to change
telebooking 09377458281
www.bigcinemas.com facebook.com/BigCinemasIndia

PODAR INTERNATIONAL SCHOOL, GANDHINAGAR
"INVITATION FOR PARENT SEMINAR"
Talk To Your School
Podar International School invites all the parents for an interactive session with the Trustees and the Management. The interaction is intended towards encouraging parents in making a determined choice for their child's future.
Day : Tuesday 4th, February ,2014
Venue : Fortune Inn Haveli
Time : 6.00 pm Onwards
7567500044
Entry FREE for all.
School Address: Shurshti Farm, Opp. Khakhria Prajapati Wadi, Por Kudasan Road, Gandhinagar | City Office Address: FF-122, Super mall - Infocity, Nr Gh "0" circle, Gandhinagar
www.podareducation.org/school/gandhinagar Follow us on